# આજે તપોવન સંશોધન કેન્દ્રનો ઉદ્‌ઘાટન સમારોહ યોજાશે

ગાંધીનગર, તા. ૨૦

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી તથા શ્રી સર્વોદય આરોગ્ય મંડળ સંચાલિત તપોવન સંશોધન કેન્દ્રનો ઉદઘાટન સમારોહ આજે ઈસનપુર મોટા ખાતે યોજાશે. સર્વોદય આરોગ્ય મંડળ અને ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે આજે તા. ૨૧મી જૂને સવારે ૯.૩૦ કલાકે ઈસનપુર મોટા ખાતેના તપોવન સંશોધન કેન્દ્રના ઉદઘાટન સમારંભમાં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિ હર્ષદભાઈ શાહ સમારંભના અધ્યક્ષ તરીકે હાજર રહેશે. સમારોહના ઉદઘાટક તરીકે પૂર્વ અમદાવાદ મત વિસ્તારના સંસદ સભ્ય હરિનભાઈ પાઠક, મુખ્ય મહેમાન તરીકે વિષ્ણુભાઈ પટેલ, બી.જે. ભટ્ટ, સમારોહના અતિથિ વિશેષ તરીકે ધારાસભ્ય શંભુજી ઠાકોર, અશોકભાઈ પટેલ, જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. રાકેશભાઈ વૈદ્ય અને વિશેષ ઉપસ્થિતિ પૂર્વાચાર્ય જી.જે. ગૂર્જરની રહેશે.

# રથયાત્રા નિમિત્તે સ્વૈચ્છિક સંસ્થાઓની ૨૨મીએ બેઠક યોજાશે

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગરમાં પ્રતિવર્ષ નિકળતી ભગવાન જગન્નાથજીની રથયાત્રા આ વર્ષે તા. ૧૦મી જુલાઈ-૨૦૧૩ને બુધવારે યોજાશે. જે અંગેની સ્વૈચ્છિક સંસ્થાઓની અગત્યની બેઠક તા. ૨૨મી જૂન-૨૦૧૩ને શનિવારે રાત્રે ૯ કલાકે પંચદેવ મંદિર, સેક્ટર-૨૨, ગાંધીનગર ખાતે યોજાશે.

ગાંધીનગર રથયાત્રા સમિતિની અખબારી યાદીમાં જણાવ્યા અનુસાર છેલ્લા ૨૮ વર્ષથી યોજાતી પરંપરાગત રથયાત્રા આ વર્ષે તા. ૧૦મી જુલાઈને બુધવારના શુભદિને યોજાશે. જે અંગેના આયોજન માટેની ગાંધીનગરની સ્વૈચ્છિક સંસ્થાઓની બેઠક આવતીકાલે તા. ૨૨મી જૂન-૨૦૧૩ને શનિવારે રાત્રે ૯ કલાકે પંચદેવ મંદિર, સેક્ટર-૨૨, ગાંધીનગર ખાતે યોજાશે. બેઠકમાં ઉપસ્થિત રહેવા ગાંધીનગરની તમામ સ્વૈચ્છિક સંસ્થાઓના હોદ્દેદારોને નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## સમસ્ત સૌરાષ્ટ્ર અનુસૂચિત જાતિ સેવા સમાજ ગાંધીનગર સન્માન સમારંભ યોજાશે

તા. ૨૩મી જૂનના ચાર વાગે ડૉ. બાબાસાહેબ આંબેડકર ભવન સેકટર-૧૨ ગાંધીનગર ખાતે સમાજના તેજસ્વી તારલાઓ અને સરકારી નોકરીમાંથી નિવૃત્ત થયેલ સભ્યશ્રીઓનું સન્માન સમારંભ રાખવામાં આવેલ છે. તો સર્વે સભ્યશ્રીઓએ હાજર રહેવા જણાવેલ છે.



બનાસકાંઠા જિલ્લામાં ગ્રામ્ય ક્ષેત્રનો શાળા પ્રવેશોત્સવ પૂર્ણ થયો છે અને શહેરી વિસ્તારમાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણીનો કાર્યક્રમ શરૂ થયો છે. જેમાં ડીસા શહેરની રાજપુર ખાતે આવેલ સરકારી પ્રાથમિક શાળા ખાતે શાળા પ્રવેશોત્સવનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મંત્રી પરબતભાઈ પટેલના હસ્તે નવીન બાળકોને ધો. ૧ તેમજ આંગણવાડીમાં બાળકોને પ્રવેશ અપાયો હતો. સૌ પ્રથમ શાળામાં આવી પહોંચેલ મહાનુભાવોનું શાળાની બાલીકાઓ દ્વારા ભારતીય સંસ્કૃતિની પરંપરા પ્રમાણે કુમ કુમ તીલકથી સ્વાગત કરાયુ હતુ. ત્યારબાદ બાળકોને કીટ્સ અને રમકડાનું વિતરણ કરી બાળકોને શાળામાં પ્રવેશ અપાયો હતો. આ પ્રસંગે તાલુકા વિકાસ અધિકારી સી.પી. ડગલા, બી.એચ. ડૉ. જીવરાણી, તા.કે.નિ. અશ્વિન પટેલ, સીડીપીઓ રમીલાબેન ચૌધરી, બીટ કેળવણી નિરીક્ષક હંસાબેન પટેલ, બી.આર.સી. પ્રવિણ સાધુ, શિક્ષક અગ્રણી પાંચાભાઈ દેસાઈ, ભોજનદાતા ભગવાનભાઈ પટેલ અને નિરંજનાબેન પટેલ તેમજ કીટ્સના દાતા સોની લીલાબેન અને પ્રકાશભાઈ સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે દાતાઓ અને મહેમાનોનું સ્વાગત કરાયું હતું.

# આર.આઈ.એમ.સી. દહેરાદુનના પ્રવેશ ફોર્મ ૧૦મી ઓક્ટોબર સુધી ભરાશે

## ધો. ૮ પ્રવેશ પરીક્ષા ૧લી ડિસેમ્બર-૨૦૧૩ના રોજ ગાંધીનગર ખાતે યોજાશે

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર રાજ્ય પરીક્ષા બોર્ડના સચિવ ડૉ. બી.કે. ત્રિવેદીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, રાષ્ટ્રીય ઈન્ડીયન મિલિટરી કોલેજ, દહેરાદુનની ધોરણ-૮ની પ્રવેશ પરીક્ષાના ફોર્મ ૧૦મી ઓક્ટોબર સુધી ભરી શકાશે. પ્રવેશ વાંચ્છુકોએ પરીક્ષા ફોર્મ દહેરાદુન ખાતેથી મંગાવી રાજ્ય પરીક્ષા બોર્ડમાં જમા કરાવવાના રહેશે.

આર.આઈ.એમ.સી. દહેરાદુનની ધોરણ-૮ની પ્રવેશ પરીક્ષા ૧ અને ૨ ડિસેમ્બર-૨૦૧૩માં યોજાશે. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહાર, સેકટર-૧૨, ગાંધીનગર ખાતે પ્રવેશ પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે.

આર.આઈ.એમ.સી. દહેરાદૂનમાં ધોરણ-૮માં પ્રવેશ મેળવવા ઈચ્છતા ઉમેદવારોએ પરીક્ષા માટેના આવેદનપત્રો કમાન્ડન્ટ રાષ્ટ્રીય ઈન્ડીયન મિલિટરી કોલેજ, દહેરાદુન, ઉત્તરાંચલ, પીન કોડ નં. ૨૪૮૦૦૩ પાસેથી ૪૫૦ રૂ.નો ડિમાન્ડ ડ્રાફ્ટ (એસ.સી./એસ.ટી. માટે ૪૦૫નો ડિમાન્ડ ડ્રાફ્ટ) પેએબલ એટ એસ.સી.આઈ., તેલ ભવન, દહેરાદુનને મોકલવાથી મળી શકશે. ઉમેદવાર ધોરણ-૭ની પરીક્ષા પાસ હોય અને ૨ જુલાઈ-૨૦૦૧ પહેલા અને ૧ જાન્યુઆરી-૨૦૦૩ પછી જન્મેલા હોય તે જ પ્રવેશ પાત્ર ગણાશે.

પ્રવેશ ફોર્મ બે નકલમાં ભરીને ત્રણ પાસપોર્ટ સાઈઝના ફોટા, જન્મનો દાખલો અને સ્કૂલના દાખલા સાથે સચિવશ્રી, રાજ્ય પરીક્ષાબોર્ડ, ગુજરાત રાજ્ય, સરકારી પુસ્તકાલય સામે, સેક્ટર-૨૧, ગાંધીનગરને ૧૦મી ઓક્ટોબર-૨૦૧૩ સુધી અથવા તે પહેલા પહોંચતા કરવાના રહેશે તેમ જણાવાયુ છે. આ અંગેની વધુ વિગતો www.rimc.org પરથી મળી શકશે.





ગાંધીનગર જિલ્લાના વાવોલ ગામે આવેલા રમેશિમ ઈન્ટરનેશનલ ફાઉન્ડેશનના પ્રમુખ વર્ષા ગુપ્તાએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, ગોકુલપુરા પ્રાથમિક શાળાના બાળકોને તાજેતરમાં નવા વર્ષના પ્રથમ સત્રમાં બાળકોને શૈક્ષણિક સામગ્રી આપવામાં આવી હતી. શાળાના ધોરણ-૩ થી ધોરણ-૮ના વિદ્યાર્થીઓને પુરસ્કાર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમમાં સંસ્થાના અધ્યક્ષ અને સર્વે કર્મચારીગણ હાજર રહ્યા હતા. સંસ્થાના સચિવ વર્ષા ગુપ્તાએ બાળકોને જરૂરિયાતની શૈક્ષણિક સાધન-સામગ્રી સમયાંતરે આપવાનું આશ્વાસન પણ આપ્યું હતું. આ પ્રસંગે શિમલેશ વૈષ્ણવ, રમેશચંદ્ર ગુપ્તા, મનોજકુમાર ગુપ્તા, રાકેશકુમાર અને ગૌરવ ચારપુરે ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

# પછાતવર્ગના વિદ્યાર્થીઓને એડવાન્સમાં બેંક મારફતે શિષ્યવૃત્તિ ચુકવવા કરેલો નવીનત્તમ પ્રયોગ

ગાંધીનગર, તા. ૨૦

રાજ્યના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના મંત્રીશ્રી રમણલાલ વોરાએ જણાવ્યું છે કે ગુજરાતમાં સૌ પ્રથમવાર શાળાઓ ખુલતાની સાથે જ શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી રથયાત્રા દરમ્યાન ૧૩ જૂનથી અનુસૂચિત જાતિ અને બક્ષીપંચના પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ ચુકવવાની પહેલ કરી હતી. અગાઉના વર્ષોમાં પછાત વર્ગના વિદ્યાર્થીઓને આવી શિષ્યવૃત્તિ નાણાંકીય વર્ષ પુરૂ થાય તે અરસામાં ચુકવાતી હતી. જેના કારણે શિષ્યવૃત્તિ આપવા પાછળનો ઉદ્દેશ બર આવતો ન હતો. રાજ્ય સરકારે એમાં પહેલ કરીને શાળા પ્રવેશોત્સવ દરમ્યાન શિષ્યવૃત્તિ ચુકવાઈ જાય તેવું આયોજન છેલ્લા ૩ વર્ષથી કર્યું છે. તેમાં પણ આગળ વધીને હવે જે વિદ્યાર્થીના બેંક ખાતામાં જ શિષ્યવૃત્તિ જમા થઈ જાય તે માટે નક્કર પગલાં લીધાં છે. દરેક વિદ્યાર્થીઓના બેંક ખાતાઓ ખોલાઈ જાય તે માટે ઝુંબેશ હાથ ધરીને બેંક ખાતા ખોલાવવાની કામગીરી કરી છે અને ચાલુ શૈક્ષણિક સત્રના આરંભમાં જ શાળા પ્રવેશોત્સવમાં પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ બેંક દ્વારા ચુકવાઈ જાય તેની આગોતરી વ્યવસ્થા કરી છે. જેના ભાગરૂપે હમણાં જ તા. ૧૩ થી ૧૫ જૂન દરમ્યાન યોજાયેલ ગ્રામ્ય વિસ્તારના શાળા પ્રવેશોત્સવમાં અનુસૂચિત જાતિના કુલ ૪,૫૮,૩૨૯ વિદ્યાર્થીઓને રૂ. ૫૧.૩૯ કરોડની શિષ્યવૃત્તિ અને બક્ષીપંચના ૫૬,૭૬,૫૫૬ વિદ્યાર્થીઓને રૂ. ૧૬૧.૬૩ કરોડની શિષ્યવૃત્તિ બેંકોમાં જમા કરી દેવામાં આવેલ છે. આમ શૈક્ષણિક સત્રના પ્રારંભથી શિષ્યવૃત્તિ ચુકવવામાં આવી હોઈ તેનો ઉદ્દેશ બર આવ્યો છે. કુલ ૬૧,૩૪,૮૮૫ વિદ્યાર્થીઓને કુલ રૂ. ૨૧૩.૦૨ કરોડની શિષ્યવૃત્તિ બેંક ખાતામાં જમા કરવામાં આવેલ છે. જે વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ મળવામાં મુશ્કેલી જણાય તો પોતે ભણતાં હોય તે શાળા કે સંસ્થા ત્વરિત એસી/ઓબીસીના વિદ્યાર્થીઓની માહિતી જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓનું ધ્યાન દોરે તેવી પણ વિનંતી કરવામાં આવી છે.



પાલનપુરમાં આજે નગરપાલિકા-જિલ્લા પંચાયત સંચાલીત પ્રાથમિક શાળામા સાંસદ હરિભાઈ ચૌધરી, પૂર્વ એમ.એલ.એ. ગોવિંદભાઈ પ્રજાપતિ, પાલિકા પ્રમુખ હસમુખભાઈ પઢીયાર, અનિકેત ઠાકર (શહેર ભાજપ પ્રમુખ) ન.પા. ચીફ ઓફીસર યુ.ડી. સિન્ધાએ નાના ભૂલકાંઓને ધો. ૧માં પ્રવેશોત્સવ કરાવી રંગબેરંગી ટોપીઓ-પુસ્તકો-રમકડાં આપી મો મીઠું કરાવ્યું હતું. (તસવીર : હરેશ જી. જોષી, પાલનપુર)

# ધ્રાંગધ્રામાં તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી એકની ઘાતકી હત્યા

અમદાવાદ, તા.૨૦

ધ્રાંગધ્રાના મોચીવાડ વિસ્તારમાં હત્યાનો બનાવ બનાવ બનતા ચકચાર મચી ગઈ છે. ધ્રાંગધ્રાના મોચીવાડ પાસે બાજુ બાજુમાં રહેતા બે વ્યક્તિઓને કોઈ અગમ્ય કારણોસર ઝઘડો થતા વાત વણસીને મારામારી સુધી પહોંચી ગઈ હતી અને તેમજ છરીના ઘા વાગવાથી એક વ્યક્તિનું મોત નિપજ્યું હતું અને એકની હાલત અતી ગંભીર હોવાથી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યાં છે. સુત્રોના જણાવ્યા અનુસાર ધ્રાંગધ્રાના મોચીવાડ વિસ્તારમાં રહેતા રાજુ બચુભાઈ અને સુરેશ શાંતિભાઈ વચ્ચે કોઈક કારણોસર ઝઘડો થયો હતો. જ્યાં બંન્નેએ એકબીજા ઉપર છરી વડે હુમલો કર્યો હતો. જેમાં રાજુ બચુભાઈને વધારે ઈજાઓ થતા તેમનું મોત નિપજ્યું છે. તેમજ સુરેશ શાંતીભાઈની હાલત અતી ગંભીર હોવાથી સરકારી હોસ્પીટલ ખાતે પ્રાથમીક સારવાર બાદ વધારે સારવાર માટે સુરેન્દ્રનગર હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યાં છે. તેમજ બંન્ને વ્યક્તિઓ વચ્ચે ઝઘડો થયો હતો તે દરમિયાન કોઈ વ્યક્તિ હાજર ના હોવાને કારણે ઝઘડાનું કોઈ કારણ હજુ સુધી જાણવા મળ્યું નથી. ઉલ્લેખનીય છે કે ઘટનાની જાણ થતા ધ્રાંગધ્રા સીટી પોલીસ હોસ્પીટલ આવી પહોંચી હતી. અને ચુસ્ત બંદોબસ્ત ગોઠવીને આગળની તપાસ હાથ ધરી છે.

# ખેડબ્રહ્મા તાલુકામાં બે અકસ્માતોમાં બે ના મોત

હિંમતનગર, તા. ૨૦

ખેડબ્રહ્મા તાલુકાના મટોડા અને લાંબડીયામાં બુધવારે થયેલા અકસ્માતમાં બે જણાના મોત નિપજ્યા હતા. જે અંગે સ્થાનિક પોલીસે ગુનો નોંધી ઘટતી કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગેની વિગત એવી છે કે બુધવારે લાંબડીયા ગામના ત્રણ રસ્તા પાસેથી ગણવા ગામના ત્રમ યુવાનો બાઈક નંબર જીજે-૧-એફ-૧૩૫૪ પર પસાર થઈ રહ્યા હતા. દરમિયાન ચાલકે બાઈકને રસ્તાની બાજુમાં આવેલા ઓટલા લોખંડની પાઈપ સાથે અથડાવી દીધી હતી. જેના કારણે બાઈક ચાલક નારણભાઈ કટેરીયાનું ગંભીર ઈજાને કારણે મોત નિપજ્યું હતું તેમજ તેમની પાછળ બેઠેલા અમરતભાઈ કટેરીયા અને લક્ષ્મણભાઈ કટેરીયાને પણ ઈજા થતાં સારવાર માટે ખસેડાયા હતા. બનાવ અંગે ગણવાના રાયચંદભાઈ કટેરીયાએ ખેરોજ પોલીસ સ્ટેશનમાં જાણ કરતા પોલીસે ગુનો નોંધી ઘટતી કાર્યવાહી હાથ ધરી છે.

મટોડા પાસે બુધવારે બનેલી ઘટનાની વિગત એવી છે કે અહીંથી પસાર થતી ટ્રક નંબર જીજે-૮-યુ-૧૫૮૮ના ચાલક અનિલભાઈ મરતાજી (રહે. રોઝડ, વિજયનગર) તલોદથી જોધપુર જઈ રહ્યા હતા. દરમિયાન અચાનક ટ્રક પલ્ટી ખાતા તેમાં બેઠેલા મકસીભાઈ કાનજીભાઈ (ઉ.વ. ૫૦, રહે. બુધરાસણ, તા. ભિલોડા)ને ઈજા થતાં ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું. મહેન્દ્રભાઈ પ્રજાપતિએ ટ્રકચાલક વિરૂદ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

## આર્ષ સંશોધન કેન્દ્ર દ્વારા ૨૨મીએ વ્યાખ્યાન યોજાશે

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગરમાં આર્ષ સંશોધન કેન્દ્ર દ્વારા હરિમંદિર, અક્ષરધામ ખાતે 'તત્વજ્ઞાન : મનુષ્ય જીવનમાં' વિષય પર ૨૨મી જૂને સાંજે ૪.૩૦ થી ૭ કલાક દરમિયાન વ્યાખ્યાન યોજાશે.

સ્વામીનારાયણ મંદિર શાહિબાગના સ્કૂલ ઓફ ફીલોસોફીના રીસર્ચ સ્કોલર પૂ. બ્રહ્મવિહારીદાસ સ્વામી ૨૨મી જૂનને શનિવારે 'તત્વજ્ઞાન : મનુષ્ય જીવનમાં' વિષય પર વ્યાખ્યાન આપશે. ગાંધીનગરના અક્ષરધામના હરિમંદિર સભાગૃહમાં સાંજે ૪.૩૦ કલાકે યોજાનાર વ્યાખ્યાનમાં ગાંધીનગરના સુજ્ઞ શ્રોતાઓને લાભ લેવા ખાસ જણાવાયું છે.



ચાર ધામની યાત્રામાં અવસાન પામેલા લોકોને શ્રદ્ધાંજલિ આપવાનો કાર્યક્રમ યોજાયો હતો.

## શબ્દાવલી - ૫૦૯૫

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ■ | ૪ | ૫ | ૬ |
| ૭ | | | ■ | ૮ | | | |
| ૯ | | ■ | ૧૦ | | | ■ | |
| | ■ | ૧૧ | | | ■ | ૧૨ | |
| ■ | ૧૩ | | ■ | ૧૪ | ૧૫ | | ■ |
| ૧૬ | | | ૧૭ | ■ | ૧૮ | | ૧૯ |
| | ■ | ૨૦ | | ■ | ૨૧ | | |
| ૨૨ | | | ■ | ૨૩ | | ■ | |

### આડી ચાવી

૧. ધીરજ ખૂટી જવી (૪)
૪. શેઠ કરતા થઈ... ફરે શેઠના શાળા (૩)
૭. પહોળુ (૩)
૮. વળાંકવાળા (વાળા) (૪)
૯. 'આવતું'નું વિરોધી (૨)
૧૦. ... વિકળ, બ્હાવરાપણુ (૩)
૧૧. અલગ (૩)
૧૨. સ્ટાર્ચ, ... નો પાવડર (૨)
૧૩. કેશ, મોવાળા (૨)
૧૪. ચાકર, સેવક (૩)
૧૬. ... સાથે વરસાદ પડે છે (૪)
૧૮. લાફો, ઝાપટ (૩)
૨૦. પરવા, ફિકર (૨)
૨૧. એક મિઠાઈ (૩)
૨૨. કાને ના સાંભળે તેવું (૩)
૨૩. આજ અને આપની... (૨)

### ઊભી ચાવી

૧. સારૂં કરીએ તોય... જ મળે (૨)
૨. ખુબ, વધારે, બહોળું (૩)
૩. લાલ (૨)
૪. સમગ્ર (૩)
૫. ખેતર (૨)
૬. રખડતું, ભટકતું (૪)
૮. મારો કંઈ..., ભૂલ (૪)
૧૦. કલંક, ખોટું... (૨)
૧૧. અટકચાળુ (૫)
૧૨. સોંસરવું (૪)
૧૩. કંટાળો, આનાથી... આવી ગઈ (૨)
૧૫. કાબરની જેમ... કરો છો (૪)
૧૬. અદ્રશ્ય, અલોપ (૩)
૧૭. ઉધારનું વિરોધી (૨)
૧૯. 'ફીટર' શબ્દ ગોઠવો (૩)

### શબ્દાવલી ૫૦૯૪ના જવાબ

**આડી ચાવી :-** (૧) ભગીની (૩) બાગડોર (૫) રાફડો (૭) મળતર (૮) અલોપ (૧૦) ફરાર (૧૨) સાખ (૧૪) રમુજ (૧૫) ઈરાદો (૧૭) જાન (૧૮) ખલનાયક (૨૧) રીત (૨૨) શળ

**ઊભી ચાવી :-** (૧) ભલમનસાઈ (૨) નીરાત (૩) બાડો (૪) ડોસલો (૬) ફરફર (૮) અરજ (૯) પલાયનવાદી (૧૧) રામુ (૧૩) ખરાખરી (૧૬) દોલત (૧૯) યશ (૨૦) કળ

## કેસો નોંધાયા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કોલેરાના શંકાસ્પદ લક્ષણો અંગે તંત્રએ મૌન ધારણ કરી લીધુ છે જો કે નમુના પરીક્ષણ માટે મોકલ્યાનો આડકતરો એકરાર કર્યો છે.

બીજી તરફ આજે સાંજે આ મીના બજારના સ્થળની માર્ગ-મકાન વિભાગ અને આરોગ્ય તંત્રની ટીમે સંયુક્ત મુલાકાત લીધી હતી અને ક્લોરીનની ટીકડીઓનું વિતરણ કરી તેના ઉપીયોગ વિશેની સમજ પણ આપવામાં આવી હતી. ગાંધીનગર શહેરના જુના સચિવાલય સંકુલ નજીક આવેલા મીનાબજાર એ મુલાકાતીઓનું તેમજ કર્મચારીઓનું પણ માનીતુ બજાર છે. આ વિસ્તારમાંથી પહેલીવાર આ શંકાસ્પદ કેસો મળી આવતાં તંત્ર પણ ચોકીં ઉઠ્યું છે.

## હરદ્વારમાં હેમખેમ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

વિસ્તારોમાંથી બચાવની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે અને યાત્રાળુઓને સલામત સ્થળે ખસેડવાની તજવીજ ચાલી રહી છે. ગઈકાલે જય અંબે પરિવારના ખજાનચી શ્રી ધીરૂભાઈ પટેલનું ગૌરીકુંડ ખાતે હૃદયરોગના હુમલામાં અવસાન થયું હતું. તેમના અંતિમ સંસ્કાર વિદિપૂર્વક ત્યાં જ સંપન્ન થયા છે. જય અંબે પરિવારના ૨૬ યાત્રાળુઓ પૈકી ૧૫ને હરદ્વાર સલામત સ્થળે પહોંચાડી દેવાયા છે અને બીજા ૧૧ યાત્રાળુને લખાય છે ત્યાં સુધીમાં હરદ્વાર લઈ જવાની કામગીરી ચાલી રહી છે. જય અંબે પરિવારના યાત્રાળુઓ ૨૨મી તારીખે ગાંધીનગર પહોંચી જશે તેમ જાણવા મળ્યું છે. જ્યારે મોટા બાર સમાજનાં ૫૦ યાત્રાળુઓ સહી સલામત રીતે હરદ્વાર પહોંચી ગયા છે. મોટા બાર સમાજના પ્રમુખ બી.આર. પટેલે ગાંધીનગર સમાચાર સાથે થયેલી વાતચીતમાં જણાવ્યું હતું કે મોટા બાર સમાજના યાત્રાળુઓ હરદ્વાર સલામત રીતે પહોંચી ગયા છે અને ૨૬મીએ ગાંધીનગર પરત પહોંચી જશે.

## સામાન્ય સભા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

મેયરશ્રીએ જણાવ્યું હતું કે આસિ. કમિશનરશ્રીની વર્તણુંક અને કામગીરીને ધ્યાને રાખી આ સાત માસનો સમય લંબાવવામાં આવી રહ્યો છે.

આજની સામાન્ય સભામાં કોંગ્રેસના હર્ષજીત પંડયાએ સફાઈના મુદ્દે શાસક પક્ષને ભીંસમાં લેવાનો વ્યુહ અપનાવ્યો હતો. શ્રી પંડયાએ જણાવ્યું હતું કે જુના સેકટરો અને ગ્રામ્ય વિસ્તારની સફાઈમાં ઉપેક્ષા થઈ રહી છે. ઘ-૫ પછીના માર્ગોની સફાઈ થતી જ નથી. શ્રી પંડયાએ વ્યંગમાં એવી પણ રજુઆત કરી હતી કે સે-૨માંથી જે કચરો નીકળ્યો છે તેનો જથ્થો જોતાં એવું લાગે છે કે તંત્રએ ડમ્પીંગ સાઈટ બદલી કે શું? કોંગ્રેસ પક્ષના નેતા શ્રી ચીમન વિઝુંડાએ પણ સફાઈના મુદ્દે અસરકારક કામગીરીનો આગ્રહ રાખ્યો હતો અને વોર્ડવાર સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવે ત્યારે વોર્ડના સભ્યોને સાથે રાખવા જણાવ્યું હતું.

મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણાએ જણાવ્યું હતું કે સફાઈના મુદ્દે લોક જાગૃતિ અને તંત્રની સક્રિયતાના સુયોગ્ય સંકલન માટેના તમામ પ્રયાસો કરાશે. આખા નગરને સ્વચ્છ બનાવવા માટે ખાસ અભિયાન યોજાશે. સંપૂર્ણ સ્વચ્છતાની સાથે સાથે લોક જાગૃતિ પણ જરુરી છે. તેમણે જણાવ્યું હતું કે આંતરિક સફાઈની કામગીરી માર્ગ મકાન વિભાગ સંભાળે છે તે માટે પણ સંકલન કરવામાં આવશે.

### જાહેર નોટીસ

કલેક્ટર કચેરી, ગાંધીનગરના મહેકમ હેઠળના પટાવાળા શ્રી જે. એચ. વાઘેલા, તા. ૨૯/૬/૨૦૧૨થી કચેરીમાં સતત અનઅધિકૃત રીતે જાણ કર્યા સિવાય ગેરહાજર રહેલ છે. તેઓ આ જાહેર ખબરથી દિન-૩માં હાજર ન થાય તો તેમની સામે બરતરફના પગલાં લેવા ફરજ પડશે તેની તમામ જવાબદારી તેઓશ્રીની રહેશે. જેની નોંધ લેશો.

નિવાસ અધિક કલે.શ્રીના તા. ૩૦/૩/૧૩ના પત્ર મુજબ

સહી/-
(ડી. આર. દવે)
જિલ્લા આયોજન અધિકારી
ગાંધીનગર

માહિતી/૬૦૪/૧૩-૧૪

### ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લી.
(ગવર્નમેન્ટ ઓફ ગુજરાત અન્ડરટેકીંગ)

આથી વહીવટી સંચાલક ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લી. ગાંધીનગરની કચેરીમાં એ.સી. મશીનના કોમ્પ્રીહેન્સીવ વાર્ષિક કોન્ટ્રાક્ટ અન્વયે રસ ધરાવતી એજન્સીઓ પાસેથી ભાવો મંગાવવામાં આવે છે. આ માટેના ટેન્ડર ફોર્મ અત્રેની કચેરીએથી ઈસ્યુ કરવામાં આવશે. જે રૂ. ૫૦૦/- (નોન રીફન્ડેબલ)ના જી.આસ.આર.ડી.સી. લી.ના નામના ડીમાન્ડ ડ્રાફ્ટ સાથેની કંપનીના લેટરપેડ પર અરજી કરવાથી ટેન્ડર ઈસ્યુ કરવામાં આવશે. ટેન્ડર ઈસ્યુ કરવાની છેલ્લી તા. ૨૭/૬/૨૦૧૩ સુધી રાખવામાં આવેલ છે. ભરેલ ટેન્ડરો તા. ૪/૭/૨૦૧૩ સુધી રજી.પો.એ.ડી.થી સીલબંધ કવરમાં નીચેના સરનામે પરત કરવાના રહેશે. કવર પર 'એ.સી. મશીનના વાર્ષિક કોન્ટ્રાક્ટના ભાવ તા. ૪/૭/૨૦૧૩ પહેલા ખોલવું નહી' એવુ અવશ્ય લખલું. આવેલ ભાવપત્રકો શક્ય હશે તો તા. ૫/૭/૨૦૧૩ના રોજ ૧૨ કલાકે હાજર રહેલ એજન્સી સમક્ષ રૂબરૂમાં ખોલવામાં આવશે.

જનરલ મેનેજર (પ્રોજેક્ટ્સ)
ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લી.
ભોંયતળિયે, નિર્માણ ભવન, સેક્ટર નં.૧૦/એ, ગાંધીનગર
માહિતી/૫૯૫/૧૩-૧૪

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર